# બાલકુવેર અષ્ટક

## रचयिता : कैवलज्ञान पीठाधिश्वर सप्तम कुवेराचार्य
## प.पू. आचार्य श्री अविचलदासजी महाराज

हे करूणानिधि करूणा के सागर, पुरी सारसा कीन्ही उजागर .
कैवलधर्मधुरंधर स्वामी, बालक रक्षक बालकुवेर स्वामी ।।१।।
कैवल कर्ता ने आज्ञा दीन्ही, परम विशेष आप शीश लीन्ही .
ज्ञान की ज्योति जला दो गुणगामी, बालक रक्षक बालकुवेर स्वामी ।।२।।
चौद लोक में ज्ञान गंगा बहाई, सप्त द्वीपमें करुणा बरसाई .
सुरिनर मुनिजन समरे शीशनामी, बालक रक्षक बालकुवेर स्वामी ।।३।।
माघ शुक्ल दुज अठारसो उन्तिशा, प्रगटे प्रभु बालकुवेर जुगदीशा
हेतबासुत मातृरक्षक स्वामी, बालक रक्षक बालकुवेर स्वामी ।।४।।
मूर्ति मनोहर दीसे बहु प्यारी, सौम्य स्वरूप सदा सुखकारी
कोटी सूर्य सम तेज बहुनामी, बालक रक्षक बालकुवेर स्वामी ।।५।।

बालकुवेरा हे बालयोगी, ज्ञानी ध्यानी नमे सिद्ध जोगी
प्रगटपुरुष बैठे पद्मासन ध्यानी, बालक रक्षक बालकुवेर स्वामी ।।६।।
दिव्य दृष्टि से जग उजियारे, कई जन्मों के पापृताप टारे
रक्षा करो हे करुणासागर स्वामी, बालक रक्षक बालकुवेर स्वामी ।।७।।
कैवल धर्म की ज्योत जलाई, मोह माया से मुक्ति दिलाई .
अविचलपद दे कैवलपदगामी, बालक रक्षक बालकुवेर स्वामी ।।८।।

बालकुवेर अष्टक यह पढे नित्य जो कोई
अविचल ज्ञान हृदये धरे परम पद पावे सोई
यह अष्टक श्रद्धा सहित जननी पढे जे कोई
बालकुवेर रक्षा करे शतं जीवे सुत सोई
सुख सम्पति सद्गुण बढे संततिसुख भी होई
पंगु पढे मेरु चढे कृपावंत गुरु होय

# અમરદાડમ અષ્ટક

## (રાગ - પ્રથમ વંદુ ગુરુ સત્ સ્વામી)

## રચયિતા :- પ.પૂ.ગુરુજી

પ્રગટતીર્થ પરમગુરુ તણું, આ વિશ્વમાં વિખ્યાત છે.
અમરદાડમ નામ જેનું, અવિચલ અખંડ પ્રતાપ છે.
ધન્ય ધન્ય અનાર તારું, પ્રગટ્યું પૂર્વનું પુણ્ય છે.
મોક્ષ મનુતનથી મળે પણ, તરુતનમાં તને પ્રાપ્ત છે.
સ્થાવર તનુ તૃતીયા અવસ્થા, ગુરુકૃપા સંચાર છે.
ત્રિવિધી તાપ સ્પર્શે નહી અહી, સદા તું નિર્વિકાર છે.
સંસાર જેની છાયામાં રહી, કાળ ભયથી પાર છે.
એવા પરમગુરુ કાજ તું, છાયા છત્ર દેનાર છે.

દિવ્ય ભૂમિની રજેરજથી, પતિત પાવન થાય છે.
નમન કરે દૃઢ ભાવથી તેના, ત્રિવિધી તાપ ટળી જાય છે.
પ્રગટતીર્થમાં પરમગુરુ તણી, કૃપા અપરંપાર છે.
દર્શન કરે વારંવાર તે આ, જન્મથી ભવપાર છે.
સ્થિર તરુ અમર તણો, પ્રભાવ એવો દિવ્ય છે.
વિદેશગમન યોગ બને, વૈભવ તેનો ભવ્ય છે.
ધન્ય નેમી ગુરુ ઉપકારથી, મહાચતુર તીર્થમાં સ્થાન છે.
ગુરુ વચને દૃઢ વિશ્વાસ જેનો, અવિચલ પદમાં વાસ છે.

### સાખી

પ્રગટતીર્થ અમરદાડમ તણો, મહીમા અપરંપાર
શ્રદ્ધા સહિત દર્શન કરે, થાય કુળસપ્ત ભવપાર
તન મન ધન અર્પણ કરે, મહાતીર્થની મ્હોય
અવિચલ સુખ સમૃદ્ધિ મળે, ગુરુ કૃપાવંત પણ હોય

# અખંડ દિવ્ય જ્યોત અષ્ટક

(રાગ - ૐ પ્રથમ પ્રણામ ધામ જીનું સકલ પરાપર)

જય જય કૈવલવેત્તા નાથ તુમ પુરુષ પુરાતન;
જ્યોતિ સ્વરૂપ અખંડ અવિચલ સત્ય સનાતન.
કર્તા હુકમ સુની હાલ હજુરા શક્તિ પરાપર;
ક્રિયા પિંજર અતિ દિવ્ય વિભૂતિ સોલ કલા ધર.
અષ્ટ સિદ્ધી નવ નિધિ સાજ સજ વિવિધ વિધારન;
દિવ્ય દેહ ધરી કિયે કાજ સબ જન ઓધારન.
ચૌદ લોક અરુ સપ્તદ્વીપ કિએ જ્ઞાન ઉજાગર;
જંબુદ્વીપ પ્રગટે બાલકુવેર શ્રી કરુણાસાગર.
કૈવલ ધર્મકી જ્યોતિ જલાઈ સકલ ચરાચર;
પંચમી કૈવલ મુક્તિ બતાઈ ચતુર મોક્ષ પર.
ભરતખંડ કૈવલ ધામ તુલ્ય ગુરુગાદી યહાં પર;
પુરી સારસા મોક્ષદાયીની રચી ચારુતર.

શત એક પંચ નિવાસ કિયે દેશ ગુર્જરમેં આપ;
ભાદ્ર પુર્ણિમા ધામ સિધાયે પરમ અંશ અમાપ.
દિવ્ય દેહસે પ્રગટયો અનલ નિજ સ્વયં પ્રકાશિત;
જ્યોતિ નારાયણ રૂપ આપ અવિચલ ભક્ત જન હિત.

## સાખી

અખંડ દિવ્ય જ્યોત રૂપ, પરમગુરુ સાક્ષાત;
નેમી પ્રેમી કે કારન, પ્રગટ હયે વિખ્યાત.
દિવ્ય અખંડ યહ જ્યોતિકા, દર્શન કરે જન કોય;
અભંગ અવિચલપદ મિલે, જન્મ-મરણ નવ હોય.
શુદ્ધ સ્નેહ અરપન કરે, અખંડ જ્યોતમેં જેહ;
રહે સંપ સદા પરિવાર મે, ભવ-ભય મુક્ત જન તેહ.
નિર્વાણ દિન દર્શન કરે, સરસઇ સમાધિ જ્યોત;
અવિચલ સુખ પામે સદા, ગુરુ કૃપા ઉદ્યોત.

## ગુરુગાદી - સારસાપુરીકા બરનન (લાવણી)

શ્રી કરુણાસાગર મહારાજ । રંકધિરાજ । ગરીબ નિવાજ । ॥
મહેર કરો મૂજને ॥ હું વળગી રહ્યો છું । પ્રેમ કરીને તમને ॥ ॥ટેક॥
ધન્ય સારસાપુરી સર ગામ । બડા હે ધામ । ગુરુ ઘનશ્યામ ॥
વસે તહાં વાલો ॥ દીન જાણી  કરોને મહેર । કર મમ ઝાલો ॥ શ્રી કરુણા ॥૧॥
મંદિર જુગતકી બાત । સૂણો સૌ ભ્રાત । કહુ વરતાંત ॥
કરુણાસાગરકો ॥ ચરણોંમે ચોટે ચિત્ત । નેહ નિજ ઘરકો ॥ શ્રી કરુણા ॥૨॥
દીઠા દેવલ ગુલજાર । રૂપકો નહિ પાર । જાુગમાં થયું ઝાર ॥
ગગનમે ગાજે ॥ સનમૂખ દરવાજે દરરોજ । ચોઘડીયા વાગે ॥ શ્રી કરુણા ॥૩॥
શોભા સિંઘાસન તણી । શોભે જેમ મણી । શોભા બની ઘણી ॥
પાસ પુતળીઓ ॥ જડી હિરા રત્ન મણિ સ્થંભ । ચુની ચીતરીઓ॥શ્રી કરુણા ॥૪॥
બિરાજ્યા ખુરશી પર બની । કરુણાસિંધુ ધણી । પ્રિત પ્રભુ તણી ॥
જાણે કોઈ સુરા ॥ હંસ તારન આયે મહારાજ । ખાવન ખુદ પુરા ॥શ્રી કરુણા ॥૫॥

દો પાસ ખડે પ્રેમલાલ । તિલક કરી ભાલ । ખભે દોશાલ ॥
સજી શણગાર॥ આભૂષણ તણો નહિ પાર । તેજ અપાર ॥ શ્રી કરુણા ॥૬॥
પોશાગ તણી કહુ પેર । સૂણો ગંભીર । તિલક મણિ પેર ॥
મૂગટ મણિ ચળકે ॥ તારાની માંહી જેમ ચંદ્ર । તોરો એમ લરકે॥ શ્રી કરુણા ॥૭॥
ગળુબંધ ગળામાં જાલ । હિમ હરિહાર । મૂક્ત કર માલ ॥
કુંડલ કાનુમે ॥ ઉતરી પહેરી બહુ પ્યાર । નેહ નેંનુમે ॥ શ્રી કરુણા ॥૮॥
પિતાંબર પહેરી લાલ । પાદુકે ઝાલ । ચરણમાં ઘાલ ॥
ઘુઘરીઓ ઘમકે ॥ જેમ ખિલે ખલકમાં રવિ । મુખ એમ ચળકે ॥ શ્રી કરુણા ॥૯॥
જામો જરીયાણી તણો । ખેશ જરી તણો । શોભે બહુ ઘણો ॥
કેડ કંદોરો ॥ કર કડાં વેઢ વીંટીઓ । પોંચીમાં હીરો ॥ શ્રી કરુણા ॥૧૦॥
હિંદોરો હરિ ગુરુ તણો । શોભે બહુ ઘણો । હિમ હિરા તણો ॥
મોરમહી ટવકે ॥ ગજરાજ ડોલે એમ હરિ । હિંદોરે ઝુલે ॥ શ્રી કરુણા ॥૧૧॥
શ્રી પરમગુરુનું વર્ણન જેહ । કહેવાય નહિ તેહ । કહેવા કઈ સ્નેહ ॥
કહુ કઈ પેરે ॥ જીભ્યા મારી એક । કહુ ગુરુ મહેરે ॥ શ્રી કરુણા ॥૧૨॥

શ્રી કરુણાસિંધુ ઉસ્તાદ । મિલે ઘર આદ્ય । વાદ વિવાદ ॥
ગયે સબ નાસી ॥ શ્રી નરવેદસાગર પરતાપ । મિલે અવિનાશી ॥શ્રી કરુણા॥૧૩॥
શ્રી બળદેવસાગર પરતાપ । ઓળખે રૂપ આપ । ગયે સબ પાપ ॥
પ્રેમરસ પાવે ॥ શ્રીકુવેર કૈવલકા બાલ । નારણ ગુણ ગાવે ॥ શ્રી કરુણા॥૧૪॥

## સાયંકાલ નોછાવર(ઉપાસના વિધિ )

### ગુરુ મહિમા સાખી

મહેર કરી મોઇ દીજીયે । સેવા સમરણ ધ્યાન ॥
યશ ગાવા અનુભવ ગતિ । કરુ પતિ પરમ અવિલાન ॥૧॥
પરમગુરુકે શરણકી । મહિમા અપરંપાર ॥
શારદ શેષ ન કહી શકે । કેશો રહે ઈતબાર ॥૨॥
વારપાર જાકો નહિ । ગુણ ગતિ દધિ સમ તોલ ॥
ચિડીયા ચંચ ભરી રહી । સાગર સમ તુમ છોલ ॥૩॥
દધિ સમ તુમ ગુરુ ગતિ । મમ મતિ અલ્પ અજાણ ॥
મહા પતિતકુ પાવન કરો । શ્રીગુરુ પરમ સજાણ ॥૪॥
સજાણ શરણ આવી પડ્યો । નારણદાસ અતિ દીન ॥
પ્રૌઢ પરમગુરુ જાણકે । ગ્રહી શરણ રહ્યો લોલીન ॥૫॥

અખિલાનંદ સુખ શરણકે । માણે તેહી સંત સજન ॥
નારણદાસ શરણાંગત । રહ્યો દ્રઢ દેઈ તન મન ॥૬॥
ગુરુ મહિમા મુખસે પઢે । પ્રાતઃ સમે કરે પાઠ ॥
અનંત જનમ અઘ સંશયકુ । સબકો ઘાલે ઘાટ ॥૭॥
મનન કરે મધ્યાનસે । અર્થ વિચારે જેહ ॥
તિનકુ કૈવલ મોક્ષકો । યામે નહિ સંદેહ ॥૮॥
સંધ્યા સમયે એહી પાઠકો । સૂણે સૂણાવે જે અર્થ ॥
ઉપાસી હોય ગુરુ તણો । પામે અનુભવ ગ્રથ ॥૯॥
અષ્ટ સિદ્ધિ નવ નિધિ સબે । સુખ સંપત સબ સાજ ॥
ગુરુ ઉપાસનમે સબે । પામે અનુભવ રાજ ॥૧૦॥
તેહી દાતા ગુરુ પરમહી । શ્રીમત્ કુવેર સત્ નામ ॥
નારણદાસ નિરભય ભયો । કરી ચરણ વિશ્રામ ॥૧૧॥

## ગોડીપદ : ૧ (રાગ : મંગલની છાંયા)

મેં અવિનાશી ઉપાસી । હો સંતો, મેં અવિનાશી ઉપાસી ॥
ગતિ અગમ અઘાદ લખાસી । હો સંતો, મેં અવિનાશી ઉપાસી ॥ટેક॥
જપ તપ તિરથ વ્રત વેદોગત । સાધન સિદ્ધ અધ્યાસી ॥
સુરત નુરત ધરી લગન લગાવે । તીન લોક પદ પાસી ॥ હો સંતો, મેં ... ॥૧॥
દશ અવતાર ધરે ધરણી પર । દ્વે માંહી અમલ જમાસી ॥
નામ રહે રૂપ રહેન ન પાવે । અંતકાળ ગયે નાસી ॥ હો સંતો, મેં ... ॥૨॥
પૃથ્વી તેજ પવન નભ પાણી । અતિ પરલંત વિલાસી ॥
ચૌદ લોક હે ઉનકી ભિતર । ઉનકી હે જુઠ્ઠી આસી ॥ હો સંતો, મેં ... ॥૩॥
હાડ માંસ રગ લોહ ને ચરમ । યેસી ન દેહ હમાસી ॥
સોહંગ સાહેબ નામ હમેરા । નિજ કૈવલ પદ વાસી ॥ હો સંતો, મેં ... ॥૪॥

બ્રહ્મા વિષ્નુ માહેશ્વર દેવા । જેણે આ સૃષ્ટિ પ્રકાસી ॥
મહંમાયાકા એક દિવસમે । અનેક બેર મર જાસી ॥ હો સંતો, મેં ... ॥૫॥
વિતે કલપ રહે શક્તિ તન । જ્યોતમે જાઈ મેલાસી ॥
યેસે કલપ રહે સત્ જ્યોતિ । બ્રહ્મમે જાઈ ભેલાસી ॥ હો સંતો, મેં ... ॥૬॥
બ્રહ્મ ચિદાનંદ આનંદ સિંધુ । જીનું કૈવલ પરકાસી ॥
ઉઠત ઈચ્છ સૃષ્ટિ સબ ફોરત । સમતાં સકલ સમાસી ॥ હો સંતો, મેં ... ॥૭॥
આદૌ અંસ વંસ હમ જાકે । અવધકાળ નહિ ખાસી ॥
નિજ ઘેર સુરત જાઈ મમ લાગી । આન્ય દેવ તે ઉદાસી ॥ હો સંતો, મેં ... ॥૮॥
હે કૈવલ સદોદિત પુરણ । નિરાલંબ નિરાસી ॥
કાયમ સોઈ કુવેર કહે મમ । આદ્ય પુરુષ અવિનાશી ॥ હો સંતો, મેં ... ॥૯॥

## સંધ્યા સાખી

સંધ્યા સમરણ આરતી । ભજન ભરોસે દાસ ॥
મનસા વાચા કર્મણા । કર ગુરુ ચરણ નિવાસ ॥૧॥
ગુરુકી કીજે બંદગી । કોટિ કોટિ પરણામ ॥
કીટ ન જાનત ભૃંગકુ । સોઈ કરલે આપ સમાન ॥૨॥
ગુરુ મૂરત મૂખ ચંદ્રમા । સેવક નેંન ચકોર ॥
અષ્ટ પહોર નિરખત રહે । સોઈ ગુરુ મૂરતકી ઓર ॥૩॥
ચાર ચિન હરિભક્ત કે । પ્રગટ દેખાવન દેત ॥
દયા ક્ષમા ઓર દીનતા । પર દુઃખકુ હર લેત ॥૪॥
ધનવંતા જુગમે ઘણા । રૂપ રંગ મન મોટ ॥
કહે કુવેર નેમી ઘણા । મન મેળુકી ખોટ ॥૫॥
મન મેળુ જબહી મીલે । આતમ તત્વ વિચાર ॥
તન મન સોંપી દીજીયે । વાકે શરણ મોજાર ॥૬॥

તન મન સોંપી શિષકુ । રહો સદા લોલીન ॥
કહે કુવેર અંતર નહિ । જેસે જળમાં મીન ॥૭॥
જ્ઞાન મીનકા મચ્છકો । સંગ કરે જન કોઈ ॥
કહે કુવેરા તો મિલે । પેર પિવનકી તોય ॥૮॥
જ્ઞાન મીન યાંહાં સત્‌ગુરુ । જો કોઈ શરણે જાય ॥
કહે કુવેર કળ દેતહે । જીવ પરમ પદ પાય ॥૯॥
સુદ્ધિકો સમજે નહિ । કથે બાદલુ જ્ઞાન ॥
અળતો ચઢે ન અંગને । કુવેર તક્રને પાન ॥૧૦॥
સુરિનર મુનિજન દેવતા । બ્રહ્મા વિષ્નુ માહેશ ॥
કહે કુવેર ગૌલોક લ્યૌ । જેઠી તક્ર આવેશ ॥૧૧॥
ખટ નવ ને દશ અષ્ટ લ્યૌ । ચારુ વેદ ચરાસ ॥
વ્યાસ વલોવણ છાશનું । પિવત જક્ત ઉપાસ ॥૧૨॥

રામચંદ્ર વશિષ્ટકુ । કર્તા પણ ગુરુ કિન ॥
ચૌદ લોક ભાગે ઘડે । ગુરુ આગે આધિન ॥૧૩॥
કહો વશિષ્ટે ક્યા દિયા । કર્તા કો ઉપદેશ ॥
એ અંદેસા સરવને । સૂણો કહુ સંદેશ ॥૧૪॥
પિતા બુંદ શિર ગર્ભકે । જો ન લહે જન કોઈ ॥
કહે રાજા કે રંકહી । ખરા અજાણ્યા દોઈ ॥૧૫॥
એસે કૈવલ અંસકે । જીવ ઈશ્વર અવતાર ॥
કહે કુવેર સત્‌ગુરુ વિના । કોઈ લહત નહિ પાર ॥૧૬॥
ચૌદ તબક જીનું શિર પર । ઓર ચૌદ ઉપછાડ ॥
મધ્ય મહેલ કૈવલ કુલ । સુઘડ સભોમ સઘાડ ॥૧૭॥
તે કૈવલ ખુદ ખાવન । અખિલ જીવન કિરતાર ॥
કહે કુવેર દરશાવહુ । જો જન હોય હમાર ॥૧૮॥

## સંધ્યા આરતી

પહેલી આરતી પ્રેમ હુલાસા । અનંત કોટિ જ્યાં કરત વિલાસા ॥
આરતી કરત નિગમ હરિદાસા । હરિ હરિ અગમ અગોચર અવિગત વાસા ॥૧॥
દુસરી આરતી દિરઘ મૂરતકી । દેવ સકલ દિવ્ય મંગલ મૂરતકી ॥ આરતી ॥૨॥
તિસરી આરતી સકલ સુમતકી । બ્રહ્મા વિષ્નુ માહેશ્વર પતકી ॥ આરતી ॥૩॥
ચોથી આરતી સકલ ચરાચર । પ્રણવ પેચ જેહી રહી ભરાભર ॥ આરતી ॥૪॥
પંચમી આરતી પરમ પુરુષકી । સકળ સાજ કળ કરન દુરસકી ॥ આરતી ॥૫॥
ષષ્ટમી આરતી સગુન મૂરતકી । મચ્છ કચ્છ વ્યાઘ્ર વૈરાહ સંમતકી॥ આરતી ॥૬॥
સપ્તમી આરતી સરલ શક્તકી । વ્યાપક વિત ચર અચર જક્તકી ॥ આરતી ॥૭॥
અષ્ટમી આરતી અંજન આરકી । પરમ પુરુષ અવિકાસ કરસકી ॥ આરતી ॥૮॥
નવમી આરતી નવ નિધ સિધકી । સકલ સૃષ્ટ રધ પુરિત સનિધકી ॥ આરતી ॥૯॥
દશમી આરતી આદ્ય પુરુષકી । છેક છેવટ પતિ પરમ ઉરસકી ॥ આરતી॥૧૦॥
જ્યાંહી પરંતુ અંતુ નહિ કોઉ કીત । નિજ કૈવલ કારન બિનું ઉતઈત ॥આરતી॥૧૧॥

જીનકે શુદ્ધ સંકલ્પે સંકલ્પમે । અખિલ લોક ઉપજાયે પલકમે ॥ આરતી॥૧૨॥
કહે કુવેર અનેર આરતકી । ભવ ઉત્પન અબ લગન સારતકી ॥ આરતી॥૧૩॥

## સંધ્યા સ્તુતિ

સસ્વયંગ સદ્‌પદંગ । સર્વ મોક્ષ દાયકમ્ ॥
અદ્વૈતંગ અનુસુતંગ । ભવવિતંગ ઈશ્વરે ॥૧॥
તત્વેતાય તદ્ પદંગ । સાક્ષથાય સાક્ષીઅંગ ॥
મંગળાય મહાદ્ ગતંગ । અહં નમામિ પ્રાણપતે ॥૨॥
દેવાધિયંગ ચૈતનંગ । યદ્ લોકંગ સહિતયમ્ ॥
વ્યાપીતંગ વિશ્વયંગ । અકલેદંગ અનુરણે ॥૩॥
નભ ગતંગ અનુભવે । ન વાર પાર અંતયંગ ॥
સર્વજ્ઞે સ્વછંદ નંગ । જય જય શ્રી કુવેર કૈવલમ્ ॥૪॥

## જય વિધિ

૧. આદ્ય સક્ત સ્વરાજ કરુણેશ કૈવલ કર્તાકી જય...

૨. શ્રી કૃષ્ણસ્વામી મહારાજકી જય...

૩. પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર મહારાજકી જય...

૪. દ્વિતીય કુવેરાચાર્ય શ્રી નારણદાસજી મહારાજકી જય...

૫. તૃતીય કુવેરાચાર્ય શ્રી બળદેવદાસજી મહારાજકી જય...

૬. ચતુર્થ કુવેરાચાર્ય શ્રી ભગવાનદાસજી મહારાજકી જય...

૭. પંચમ્ કુવેરાચાર્ય શ્રી પ્રયાગદાસજી મહારાજકી જય...

૮. ષષ્ટમ્ કુવેરાચાર્ય શ્રી શિતળદાસજી મહારાજકી જય...

૯. સપ્તમ્ કુવેરાચાર્ય શ્રી અવિચલદાસજી મહારાજકી જય...

૧૦. શ્રી સબ સંતનકી જય... ૧૧. શ્રી સબ દેવનકી જય...

૧૨. શ્રી જ્ઞાન સમ્પ્રદાયકી જય... ૧૩. શ્રી ગુરુગાદી સારસાપુરીકી જય...

૧૪. શ્રી કૈવલ ધામકી જય... ૧૫. સંધ્યા આરતીકા... સત્ કૈવલ સાહેબ..

## પોઢણ આરતી

પોઢે સુખ સેજ શ્રી મહારાજ । કરુણાસાગર રાજ ॥ પોઢે ॥ટેક॥
સંતન કે સુખદાયક લાયક । નાયક સજન સ્વેરાજ ॥
શોભા સુંદિર અતિ અનોપમ । ષોડશ ચિન ધરે સાજ ॥ પોઢે ॥૧॥
કલા ખટદશ વિભૂતિ પૂરણ । પરમગુરુ જગ કાજ ॥
લાયે લક્ષ અલૌકિક અનુભવ । સુર ગતિ નાહિ સમાજ ॥ પોઢે ॥૨॥
નવ ઘનશ્યામ સ્વરૂપ સ્વામી । દામી કહત દલ દાજ ॥
તેજ પૂંજ પ્રકાશ પાવન । કરત રહત જન લાજ ॥ પોઢે ॥૩॥
ચંદન સેજ જડિત્ર સોવ્રણ । પુષ્પ પિછોડી બિછાજ ॥
અત્તર અરગકી લપટ લગાવત । સુગંધ કેશર તાજ ॥ પોઢે ॥૪॥
સેવા કરન સબ સુર આયે । સંત સજનકો સમાજ ॥
આનંદકો અતિ હોત કોલાહલ । હરખે ગરીબ નવાજ ॥ પોઢે ॥૫॥
શ્રીમત્ કુવેર સબ દાસકો દલ । દેખી ઉચરે અવાજ ॥
નારણદાસ આશ પદ રજકી । પૂરે પૂરણ કાજ ॥ પોઢે ॥૬॥

## જય વિધિ

૧. આદ્ય સક્ત સ્વરાજ કરુણેશ કૈવલ કર્તાકી જય...
૨. શ્રી કૃષ્ણસ્વામી મહારાજકી જય...
૩. પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર મહારાજકી જય...
૪. દ્વિતીય કુવેરાચાર્ય શ્રી નારણદાસજી મહારાજકી જય...
૫. તૃતીય કુવેરાચાર્ય શ્રી બળદેવદાસજી મહારાજકી જય...
૬. ચતુર્થ કુવેરાચાર્ય શ્રી ભગવાનદાસજી મહારાજકી જય...
૭. પંચમ્ કુવેરાચાર્ય શ્રી પ્રયાગદાસજી મહારાજકી જય...
૮. ષષ્ટમ્ કુવેરાચાર્ય શ્રી શિતળદાસજી મહારાજકી જય...
૯. સપ્તમ્ કુવેરાચાર્ય શ્રી અવિચલદાસજી મહારાજકી જય...
૧૦. શ્રી સબ સંતનકી જય... ૧૧. શ્રી સબ દેવનકી જય...
૧૨. શ્રી જ્ઞાન સમ્પ્રદાયકી જય...૧૩. શ્રી ગુરુગાદી સારસાપુરીકી જય...
૧૪. શ્રી કૈવલ ધામકી જય... ૧૫. પોઢણ આરતી પૂર્ણાવર્તિકા...

સત્ કૈવલ સાહેબ..

## ઉપાસના સમ્પૂર્ણ